






રમત ગમત વિભાગ ગાંધીનગર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ અંતર્ગત વિજયનગરના પોળો ખાતે સાબરકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રાજ્ય કક્ષાની સાયકલ રેસ સ્પર્ધા યોજી હતી. સાયકલ રેસ સ્પર્ધાને જિલ્લા સમાહર્તા પી. સ્વરૂપ તથા આદિજાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રીમતી રમીલાબેન બારાએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ૨૦ કિ.મી.ના સાયકલ રેસમાં રાજ્યકક્ષાના ૫૧થી વધુ સાયકલિસ્ટો જોડાયા હતા. જેમાંથી વડોદરાના અંકિત પાલે ૩૬ મિનિટમાં રેસ પૂરી કરી પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. જ્યારે અમદાવાદના મયુર ચૌહાણે દ્વિતીય તથા કાર્તિક કણસાગરાએ તૃતીયક્રમે રહ્યા હતા, તો મૈત્રી રાજ પ્રધાને ૫૧ મિનિટમાં આ રેસ પૂર્ણ કરી પ્રથમ ક્રમે રહી હતી. જ્યારે હેતલ સાકરીયા દ્વિતીય તથા મરઝીના શેખ તૃતીય ક્રમે વિજેતા બની હતી. આ તમામ વિજેતાઓને મહાનુભાવોના હસ્તે શિલ્ડ, ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### મોડાસાની તત્વ ઈન્સ્ટીટયુટનું ગૌરવ

મોડાસાની પ્રતિષ્ઠિત તત્વ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીકલ સ્ટડીઝમાં એમ. ઈ. સિવિલ (ટ્રાન્સપોર્ટેશન) એન્જીનીયરીંગના સેમેસ્ટર-૩માં અભ્યાસ કરતા જયકુમાર પ્રમોદચંદ્ર પંડયાએ એસ પી આઈ-૯.૭૨ અને સીપીઆઈ-૮.૮૧ મેળવી ગુજરાત ટેકનોલોજીકલ યુનિ.માં શ્રેષ્ઠ દેખાવ કરી સંસ્થાનું નામ રોશન કરેલ છે. જે બદલ સંસ્થાના કેમ્પસ ડાયરેકટર પ્રો. જયદત્તસિંહ આર. પુવાર અને આચાર્યશ્રી ડૉ. એચ.આર. વરીઆએ હાર્દિક અભિનંદન પાઠવેલ છે.

### મોડાસાની મખદૂમ ચોકડી પરથી બે શંકમંદો ઝડપાતા પોલીસ તપાસ

મોડાસા શહેરની મખદૂમ ચોકડી પાસે રાત્રીના સમયે એક વાહનને ચોરવાની કોશિષ કરતા હોવાનો શક રાખીને લોકોએ બે શખ્સોને ઝડપીને ટાઉન પોલીસના હવાલે કર્યા હતા. મોડાસાની મખદૂમ ચોકડીથી માર્કેટયાર્ડ સુધીના રોડ પર પાર્ક કરેલ વાહનો ચોરવાની કોશિષ કરતા હોવાનો શક રાખીને લોકોએ જુલ્ફી પ્યાલી તથા જુલ્ફી મુલતાની નામના બે શખ્સોને પકડી માર માર્યો હતો અને મોડાસા ટાઉન પોલીસને સોંપ્યા હતા. મોડાસા ટાઉન પોલીસે આ બંને શખ્સોને પોલીસ સ્ટેશન લાવીને ૪૧ (૧) ડી મુજબ ગુનો નોંધી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. આ બંને શખ્સોમાં એક શખ્સ અગાઉ પણ નાના મોટા ગુનામાં સંડોવાયેલ હોવાનું ચર્ચાય છે તો કેમ સામાન્ય ગુનો નોંધવામાં આવ્યો? અગાઉ પણ ૪ જેટલા શખ્સોને ચોરીના ગુનામાં પકડીને પોલીસને સોંપવામાં આવ્યા બાદ શું થયું? તે પણ ચર્ચાનો વિષય બન્યો છે.

### ટોરડા ગોપાળ લાલજી હરીકૃષ્ણ મહારાજનો ૬૩મો પાટોત્સવ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામીની ૨૩૫મી જન્મજયંતી નિમિત્તે જન્મભુમીના પાવન ધામમાં ગોપાળ લાલજી હરીકૃષ્ણ મહારાજનો ૬૩મો વાર્ષિક પાટોત્સવનો ધાર્મિક કાર્યક્રમ ભક્તિભાવ પુર્વક ધામધુમથી ઉજવાયો હતો. ભાવિક ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા હતા.ભાવિક ભક્તોએ દર્શન કરી મહાપ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે પ.પુ.ધ.ધુ. કોશલેન્દ્રપ્રસાદ મહારાજના દર્શન અને આશીર્વચનનો ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. સ્વામીનારાયણ મંદીરમાં સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામી જન્મભુમીના પાવન ધામમાં ગોપાળ લાલજી હરીકૃષ્ણ મહારાજનો ૬૩મો વાર્ષિક પાટોત્સવનો ધાર્મિક કાર્યક્રમ સફળ બનાવવા સ્વામી કૃષ્ણ પ્રસાદદાસજી, પાર્ષદ મોહનભગત તેમજ ભાવિક ભક્તોએ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ખંભીસર પાટીયા નજીક દારૂ ભરેલી જીપે કારને ટક્કર મારતા બુટલેગરો સહિત ૭ ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા ખંભીસર પાટીયા નજીક સોમવારે રાત્રીના સુમારે દારૂ ભરેલી શીકારી જીપના ચાલકે મારુતિકારને



અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. કારમાં સવાર ૩ લોકોને શરીરે ઈજાઓ પહોંચવાની સાથે જીપકારમાં બેઠેલા ૪ બુટલેગરોને શરીરે ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી બુટલેગરો શીકારીજીપ ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયા હતા. મોડાસા રૂરલ પોલીસે શિકારી જીપ ગાડી ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા તાલુકાના ખંભીસર પાટીયા નજીક સોમવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે દારૂ ભરેલી શીકારી ગાડીના ચાલકે મારૂતિકારને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ખંભીસર ગામના કમલેશભાઈ પુંજાભાઈ પટેલ તેમના પરિવાર સાથે હિંમતનગર કામકાજ અર્થે જઈ મારૂતિકાર (ગાડી નં. જીજે.૬.સીએમ.૬૧૮૬)ખંભીસર પરત ફરી રહ્યા હતા ત્યારે મોડાસા તરફથી દારૂની બોટલો ભરેલી શીકારી જીપ ગાડી (ગાડી નં. જીજે ૭એ.૧૬૯૪)ના ચાલકે રોંગસાઈડ ધસી આવી મારૂતિકારને અડફેટે લેતા મારૂતિકારમાં બેઠેલા કમલેશભાઈ પુંજાભાઈ પટેલ, રેણુકાબેન પટેલ અને અનિશ પટેલના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. મારૂતીકારને ટક્કર મારી પુરઝડપના લીધે શિકારી જીપ ગાડી પલટી ખાઈ ગઈ હતી. શિકારી જીપ ગાડીમાં રહેલી દારૂની બોટલો ફુટી જતા માર્ગ પર દારૂની રેલમછેલ થઈ ગઈ હતી. શિકારી જીપગાડીમાં બેઠેલા ૪ બુટલેગરોના શરીરે ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી શિકારી જીપગાડીમાં બેઠેલા ૪ બુટલેગરો ફરાર થઈ ગયા હતા. મોડાસા રૂરલ પોલીસે કનુભાઈ પુંજાભાઈ પટેલ (રહે. ખંભીસર)ની ફરિયાદના પગલે અકસ્માત સર્જી ફરાર બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ડીસામાં વ્યસનમુક્તિ અભિયાન હેઠળ રેલી યોજાઈ : અનેક સંસ્થા જોડાઈ

ડીસા, તા. ૧૬

બનાસકાંઠામાં ચાલતા વ્યસન મુક્તિ અભિયાનને



આગળ ધપાવતા આજે ડીસા શહેર ભાજપા અને યુવા મોરચા દ્વારા વ્યસનમુક્ત બનાસકાંઠાની થીમ સાથેની વિશાળ રેલી કાઢવામાં આવી હતી. જેમાં અનેક સંસ્થાઓ પણ જોડાતા એક કિલોમીટર જેટલી લાંબી રેલીએ શહેરીજનોને વ્યસનમુક્તિનો સંદેશ આપ્યો હતો.

આ રેલીના મુખ્ય આયોજક એવા ડીસા શહેર ભાજપના સંજયભાઈ બ્રહ્મભટ્ટે જણાવેલ કે 'રાજ્ય સરકાર વ્યસન મુક્તિ અભિયાનને ટેકો આપે છે. બનાસકાંઠામાં વિવિધ સમાજના આગેવાનો અને સંસ્થાઓ પણ વ્યસન મુક્તિ અભિયાનની સુંદર કામગીરીને વેગ આપે છે. ત્યારે સરકાર સાથે આપના સહુનુ દાયિત્વ બને છે કે વ્યસનમુક્ત સમાજની રચના કરીએ, જે માટે ભાજપ શહેર અને ભાજપ યુવા મોરચાના કાર્યકરોએ આજે બનાસકાંઠા વ્યસન મુક્ત બને તે થીમ આપી રેલી કાઢી છે. જેમાં અનેક સામાજિક સંસ્થા પણ જોડાઈ છે. વ્યસનમુક્તિથી એક તંદુરસ્ત સમાજ સાથે ભાવી નાગરિકોમાં સ્વસ્થ ભારતનો સંદેશ પહોંચે તે ઉદ્દેશે આ રેલીનું આયોજન કરાયું હોવાનું તેમણે જણાવ્યું હતું. જો કે આ રેલીમાં અનેક લોકો જોડાતા વ્યસનમુક્ત બનાસકાંઠાના સૂત્રને નવી દિશા મળી હતી.





હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ.ટી.ડેપોમાં અકસ્માતો નિવારવા સંદર્ભે ભિલોડા એસ.ટી.બસના ડ્રાઈવરોનો ટ્રેનીંગ કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે જે.બી. મોડીયા ભિલોડા તાલુકા વિકાસ અધિકારી, એમ.એ.રાજનાથ આર.ટી.ઓ. અધિકારી, હિંમતનગર ડિવીઝનના વહીવટી અધિકારી એસ.બી.નિમાવત તથા એસ.ટી.ડેપો મેનેજર ડી.એમ. ખરાડી ઉપસ્થિત રહી એસ.ટી.બસ ડેપોના ડ્રાઈવરોનેયોગ્ય માર્ગદર્શન અપાયું હતું. સાવધાની રાખી એસ.ટી.બસો હંકારવા અનુરોધ કરાયો હતો. ડ્રાઈવરોને મર્યાદિત ગતિમાં વાહનો હંકારવા સંદર્ભે પ્રતિજ્ઞા લેવડાવી હતી તેમજ અકસ્માત નિવારવા અંગે તમામ બાબતોથી અવગત કરાયા હતા અને વીડીયો ક્લીપીંગ બતાવી જરૂરી માહિતી પુરી પાડી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ભિલોડાના અચલેશ્વર મહાદેવ મંદિરમાં ભાગવત કથાનો પ્રારંભ

ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ અચલેશ્વર મહાદેવ મંદીરમાં શ્રી ગોપાળાનંદ સ્વામી ગૌ-સેવા સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે શ્રીમદ્ ભાગવત કથાનો શુભારંભ યોજાયો હતો. શ્રીમદ્ ભાગવત કથાની શોભાયાત્રા,પોથીયાત્રા ટોરડા ઠા.સા. રાજેન્દ્રસિંહ ભાટી નિવાસસ્થાનેથી નીકળી હતી.

સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો, હરીભક્તો,મહંતો, ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમદ્ ભાગવત કથા કથાકાર પ.પુ. શ્યામસુંદરદાસજી મહારાજ ભાવિક ભક્તોને ભક્તિમય રસપાન કરાવી રહ્યા છે. ભિલોડા તાલુકાના પહાડા, બુઢેલી, ટાકાટુકા, સિલાદ્રી, સિલાસણ સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી ધર્મપ્રેમી ભાવિક ભકતો શ્રીમદ્ ભાગવત કથાનો મોટી સંખ્યામાં લાભ મેળવી રહ્યા છે. ભાવિક ભક્તોમાં આનંદની લાગણી પ્રસરી છે.

### પ્રકાશ હાઈસ્કૂલ દ્વારા પર્યાવરણ જતન માટે પોળોમાં જાગૃતિ શિબિર

ભિલોડા,તા.૧૬

આડા હાથરોલ પ્રકાશ હાઈસ્કુલ ધ્વારા પર્યાવરણ જતન માટે વિજયનગરની પોળોમાં જાગૃતી શિબિર યોજાઈ હતી. પ્રકાશ હાઈસ્કુલ,આચાર્ય એમ. જે. ગૌસ્વામીના જણાવ્યા મુજબ રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતી અભિયાન અંતર્ગત ભારત સરકાર, નવી દિલ્હી અને વિકસત નેહરૂ ફાઉન્ડેશન ફોર ડેવલોપમેન્ટ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ પ્રકાશ હાઈસ્કુલ ધ્વારા સાબરકાંઠા જીલ્લાના મીની કાશ્મીર તરીકે જાણિતા તેમજ ગુજરાત સરકારએ પર્યટક સ્થળ તરીકે જાહેર કરેલ વિજયનગરની પોળોમાં જાગૃતી શિબિર યોજાઈ હતી.માનવી અને પર્યાવરણ વિષય અંગે વિસ્તૃત માહિતી આપી વિદ્યાર્થીઓ માહિતગાર કર્યા હતા. કુદરતના ખોળે સોળે કળાએ ખીલેલી વનરાજીના દર્શન કરી વિદ્યાર્થીઓ, શાળા પરીવારએ ધન્યતા અનુભવી હતી.

# ધાનેરામાં ૭૦ લાખના ખર્ચે બનનાર બે સી.સી. રોડના ખાત મુહૂર્ત કરાયા

ધાનેરા, તા. ૧૬

ધાનેરા શહેરમાં ઠેર ઠેર નગરપાલિકા દ્વારા સી.સી. રોડ



બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. મંગળવારે બે રોડના ખાત મુહૂર્ત કરાયા હતા. પરંતુ તેની પુરતી ગુણવત્તા જળવાય તે માટે પણ લોકોએ સ્થળ ઉપર જ સુચન કર્યા હતા.

નગરપાલિકામાં પ્રમુખ તરીકે આશાબેન પટેલ આવતા ભાજપ સરકાર દ્વારા ગ્રાન્ટો આવવાની શરૂઆત થઈ છે. ત્યારે નગરમાં સી.સી. રોડ બનાવવાના કામો થવા લાગ્યા છે. મંગળવારે ન.પા. પ્રમુખ આશાબેન પટેલ, ચિફ ઓફીસર વી.બી. ભાવસાર તથા ન.પા.ના કોર્પોરેટરોની હાજરીમાં ૭૦ લાખના ખર્ચે બનનાર બે સી.સી. રોડના ખાત મુહૂર્ત કરવામાં આવ્યા હતા. અને આ પ્રસંગે લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા અને પાલિકાના તમામ સભ્યોને ટકોર પણ કરી હતી કે સી.સી. રોડ તો બનાવો છો પરંતુ તેમાં પોતાનો સ્વાર્થ ન રાખતા અને પુરતી ગુણવત્તા જળવાય તેવી કાળજી લેજો જેથી આ સી.સી. રોડ બે ચાર વર્ષ સુધી ટુટે નહી. આ અંગે ધાનેરા પાલીકા પ્રમુખ આશાબેન પટેલે જણાવ્યું કે શેરપુરા નાકાથી જુના બસ સ્ટેન્ડ સુધીનો સી.સી. રોડ ૫૨ (બાવન) લાખના ખર્ચે તથા વલાણી બાગથી કૈલાસ નગર મુખ્ય રોડ સુધી સી.સી. રોડ રૂ. ૧૮ લાખના ખર્ચે બનનાર છે. અને આ સી.સી. રોડમાં પુરતી ગુણવત્તા જળવાય તે માટે પણ અમો અવારનવાર રૂબરૂ તકેદારી રાખીશુ. અગાઉ જે કામો થયા છે તેવા કામો નહી થાય તેવી પણ બાંહધરી આપુ છું.

# ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં આવેદનપત્ર અપાયું

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા રેલી યોજી પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પ્રાંતિજ પી.આઈ.ને આવેદનપત્ર આપ્યું હતું.

ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા પ્રાંતિજ ત્રણ રસ્તાથી પોલીસ સ્ટેશન સુધી રેલી યોજી વ્યસન મુક્ત તાલુકો બનાવવા પ્રાંતિજ તથા તાલુકામાં ચાલતા દારૂના અડ્ડા દસ દિવસમાં બંધ કરાવવા માટેનું લેખિતમાં આવેદનપત્ર પ્રાંતિજ પી.આઈ. ટી.બી. રાઠોડને આપ્યું હતું. અને દસ દિવસમાં જો સુખદ અંત નહી આવે તો દારૂના અડ્ડાઓ ઉપર જનતા રેડ કરવામાં આવશે અને તેવા સંજોગોમાં ઉભી થતી તમામ પરિસ્થિતિ અને અસરો માટે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની



કોઈપણ જવાબદારી રહેશે નહી ત્યારે રેલીમાં ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રાંતિજ તાલુકાના પ્રમુખ ભરતસિંહ રતનસિંહ ઠાકોર, ગાંધીનગર જિલ્લા સંગઠન મંત્રી પ્રવિણસિંહ, સાબરકાંઠા જિલ્લા ઈન્ચાર્જ પ્રશાંતસિંહ ઠાકોર સહિત પ્રંતિજ તથા તાલુકામાંથી ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વિસનગરમાં એક સાથે ૧૭ હજાર વિદ્યાર્થીઓને દાંતની સારવાર અપાશે

## ગીનીસ બુક ઓફ રેકોર્ડ્સની ૫૦ સભ્યોની ટીમ હાજર રહેશે

વિસનગર, તા. ૧૬

મેડીકલ ક્ષેત્રે ગુજરાત વધુ એકવાર ઐતિહાસિક ઘટનાની સાક્ષી બનવા જઈ રહ્યું છે. રાજ્યના જડબાની બિમારીથી પીડાતા ૧૭ હજાર જેટલા સ્કૂલના વિદ્યાર્થીઓનું એક સાથે ચેકઅપ કરવામાં આવશે. ઉત્તર ગુજરાતના વિસનગરની જાણીતી નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત ડેન્ટસ કોલેજમાં ૧૭ ફેબ્રુઆરી બુધવારના રોજ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે ખાસ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેડીકલ કેમ્પમાં સતત ૨૪ કલાક સુધી દાંતના નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા સ્કૂલના વિદ્યાર્થીઓના દાંત-જડબાને લગતુ ચેકઅપ કરીને સારવાર અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

દુનિયામાં પહેલીવાર એક સાથે ૧૭ હજાર જેટલા વિદ્યાર્થીઓનો ડેન્ટલ ચેક અપ કેમ્પ આયોજીત થઈ રહ્યો હોવાથી વિશ્વની અવ્વલ નંબરની રેકોર્ડ સંસ્થા ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના ૫૦ સભ્યોની ટીમ પણ કેમ્પમાં હાજર રહેશે. આ અગાઉ દુનિયામાં માત્ર શ્રીલંકાની ડેન્ટલ કોલેજે ૧૦ હજાર દાંતના દર્દીઓને એક સાથે સારવાર આપી હતી. જો કે હવે ગુજરાત આ રેકોર્ડને તોડીને એક નવો ઈતિહાસ બનાવવાનો પ્રયત્ન કરશે. સવારે ૭.૩૦ વાગ્યાથી વિસનગરની એસ.કે. કેમ્પસમાં આ ડેન્ટલ કેમ્પમાં ૧૩૦ નિષ્ણાત ડૉક્ટરોની ટીમ સતત ખડેપગે હાજર રહેશે.




અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધંધાસણ ગામની ધંધાસણ પ્રાથમીક શાળા નંબર.૧ નો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. અભ્યાસ કરતા ધોરણ.૫ થી ધોરણ.૮ ના વિદ્યાર્થીઓનો બે દિવસીય શૈક્ષણિક પ્રવાસમાં સોમનાથ, જુનાગઢ, ખોડલધામ, વીરપુર, ગોંડલ, ચોટીલા સહિત વિવિધ જોવાલાયક સ્થળો વિદ્યાર્થીઓએ નિહાળ્યા હતા.વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.